જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૨/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૯/૨૦૨૦**

# ચોરી ગુનાના આરોપીની અટકાયતની વિગત

## મણીનગર પોલીસ સ્ટેશન :

### ફોર વ્હિલ ગાડીના કાચ તોડી ચોરી કરનાર ઇસમો (મામા,ભાણો તથા સાળા)ને પકડી પાડતી મણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘ જે ’ ડીવીજન નાઓની સુચનાને આધારે તેઓના માર્ગદર્શન હેઠળ_પો.ઇન્સ.એસ.એમ.પટેલ તથા સર્વેલંસ સ્કોડનાં પો.સ.ઈ જે.કે.બાવીસ્કર તથા સાથેના હે.કો વિક્રમભાઇ સાજણભાઇ બ.નં.૮૦૩૩ તથા પો.કો.રામજીભાઇ જાગાભાઇ બ.નં.૯૯૦૯ તથા પો.કો. અર્જુનસિંહ ભાવસિંહ બ.નં.૯૯૯૬ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ બ.નં-૧૩૦૬ તથા એલ આર દશરથસિંહ કનકસિંહ બ.નં-૧૧૦૨ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક:૧૬/૩૫ વાગે મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે જાહેર રોડ પર આવતા સાથેના પો.કો.રામજીભાઇ જાગાભાઇ તથા એલ.આર.દશરથસિંહ કનકસિંહ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ નાઓની સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત આધારે કલાક ૧૭/૩૫ વાગે મણિનગર રેલ્વે ક્રોસીંગ પાસેથી આરોપીઓ (૧) અજય સ/ઓ રામસીંગ જાતે યાદવ ઉ.વ.૫૦ ધંધો રસોડા બનાવવાનુ રહે દયાલકાકાના મકાનમા ઇંદીરાનગર વિભાગ ૧ લાંભા અસલાલી અમદાવાદ ગ્રામ્ય મુળ વતન- દાદીકા ફાટક બસો ફુટ બાયપાસ રોડ ભોરા કા લાંગળ જયપુર સીટી રાજ્ય રાજસ્થાન તથા નં (૨) લોકેશકુમાર સ/ઓ મહિપાલ જાતે યાદવ ઉ.વ.૨૨ ધંધો સલુનકામ રહે દયાલકાકાના મકાનમા ઇંદીરાનગર વિભાગ ૨ લાંભા અસલાલી અમદાવાદ ગ્રામ્ય મુળ વતન-ગાવ બડીધાણી તહેસીલ શ્રીમાધુપુર જીલ્લા સીકર રાજ્ય રાજસ્થાન તથા નં-(૩) ભવાનીશંકર સ/ઓ પુરણ

જાતે નાયક ઉ.વ.૩૨ ધંધો કલરકામ રહે દયાલકાકાના મકાનમા ઇંદીરાનગર વિભાગ ૨ લાંભા અસલાલી અમદાવાદ ગ્રામ્ય મુળ વતન-ગાવ મોરેડા તહેસીલ મકરાણા જીલ્લા નાગોર રાજ્ય રાજસ્થાન નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાથી અલગ અલગ જગ્યાએથી ફોર વ્હિલ ગાડીઓના કાચ તોડી ચોરી કરેલ મુદ્દામાલ (૧) લેપટોપ નંગ-૨કિ.રૂ.૪૦૦૦૦/- (૨) હાર્ડ ડીસ્ક કિ.રૂ.૫૦૦૦/ (૩)સોનાની બુટ્ટી બે નંગ કિ.રૂ.૧૨૦૦૦/-(૪) મોબાઇલ ફોન-૪ કિ.રૂ.૨૫૦૦૦/- (૫) સાઇન મો.સા.નં-RJ 37 SL 0576 જેની કિ.રૂ.૩૦૦૦૦/-(૬) પેન ડ્રાઇવ નંગ-૭ કિ.રૂ.૫૦૦૦/- (૭) ગ્રે કલરની સ્કુલ બેગ કિ.રૂ.૨૦૦/-ની મળી કુલ્લે કિ.રૂ.૧૧૭,૨૦૦/-ના મુદ્દામાલ સાથે આજરોજ તા-૦૫/૦૨/૨૦૨૦ ના કલાક ૧૭/૩૫ વાગે પકડી પાડી મણિનગર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૨૨૦૦૦૪૯/૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯,૪૨૭ ના કામે અટક કરેલ છે તથા અમદાવાદ શહેરના ઓઢવ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૦૦૦૯૧/૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯,૪૨૭ તથા સોલા હાઇકોર્ટ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૦૦૦૫૭/૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯,૪૬૧ મુજબના ગુનાઓનો ભેદ ઉકેલી કાઢેલ છે



## નિકોલ પોલીસ સ્ટેશનઃ

# ગણતરીના કલાકોમાં પોલીસ તરીકેની ઓળખ આપી વાહન ચેકીંગના બહાના હેઠળ વેપારીના નાણાંની ચોરી કરનાર ત્રણ ઈસમોને ઝડપી પાડતી નિકોલ પોલીસ

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-પ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓએ મિલકત સબંધી ગુન્હાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ તેમજ અનડિટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલાનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નિકોલ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર પાર્ટ નં. A-11191015200128/ 2020 ઇ.પી.કો કલમ:૩૭૯,૧૭૦,૧૧૪ મુજબના કામે ફરિ. શ્રી સુરેશભાઈ S/o કેશુભાઈ પટેલ ઉવ.૪૮ રહેવાસી: અષ્ટમંગલ બંગ્લોઝ, ચાંદખેડા અમદાવાદ શહેરનાઓ પોતાની બ્લેનો ગાડી નં. GJ-01-HV-7792 લઈ રાત્રીના આશરે નવેક વાગ્યાના સમય દરમ્યાન નિકોલ એસ.પી.રીંગ રોડ ની બાજુમાં આવેલ સર્વિસ રોડ,પાસે ટોરેન્ટ પાવરની બિલ્ડીંગના આગળ ના ભાગે ઉભી રહેતી નાશ્તા ની લારી ઉપર નશ્તો કરવા ગયેલ, નાશ્તો કરી પોતાની ગાડીમાં બેસવા જતા હતા દરમ્યાન આરોપી વિશાલ S/o મનુભાઈ ગોંડલીયા ઉ.વ.૩૨ રહે: સ્વામીનારાયણ પાર્ક, હરિદર્શન ચાર રસ્તા, નવા નરોડા, અમદાવાદ શહેર તથા મેહુલકુમાર S/O બાબુભાઈ જાદવ ઉ.વ.૩૬ રહેવાસી.દેવરાજ રેસીડન્સી, નવા નરોડા અમદાવાદ શહેરનાઓ તેઓના કબ્જાની એકટીવા નં.GJ-01-UE-3028 ની લઈ ફરિ.શ્રી પાસે આવી જણાવેલ કે, "ગાડી ચેક કરવાની છે.અમે પોલીસ છીએ,તમારે પોલીસ સ્ટેશન આવવાનુ છે. તેમ જણાવી ગાડી ચેક કરવા લાગેલ આ વખતે આરોપી શૈલેન્દ્રસિંગ S/o બાબુસિંગ વાઘેલા ઉ.વ.૩૮ રહે:દેવરાજ રેસીડન્સી, નવા નરોડા અમદાવાદ શહેરનાનો પોતાના કબ્જાની અલ્ટ્રો ગાડી નંબર:GJ-01-KW-0378ની લઈ આવી ફરિ.શ્રીની ગાડી પોલીસની જેમ ચેક કરવાનો ઢોગ કરતા કરતા ફરિ.શ્રીની નજર ચુકવી ફરિ શ્રીની બેગમાં રહેલ રોકડા રૂ.૨,૦૦,૦૦૦/- ની મત્તાની ચોરી કરી નાશી ગયેલ જે બાબતે તપાસ પો.સબ.ઈન્સ.એચ.વી.છાસટીયાનાઓને તપાસ સોપેલ હોય, તેઓ પોતાના સ્ટાફના માણસો સાથે તપાસ કરતા સ્ટાફના પો.કોન્સ.પરબતસિંહ નારસંગભાઈ તથા લોકરક્ષક રવિરાજસિંહ કાનજીભાઈ નાઓને આરોપીઓ બાબતે મળેલ હકિકત આધારે ઉપરોકત ત્રણેય આરોપીઓને ચોરીમાં ગયેલ રૂ.૨,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ તેમજ ગુન્હામાં ઉપયોગ કરેલ વાહનો સાથે ઝડપી પાડી આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપીઓ શૈલેન્દ્રસિંગ S/o બાબુસિંગ વાઘેલા તથા વિશાલ S/o મનુભાઈ ગોંડલીયાનાઓ જુગાર ના ગુન્હામાં તેમજ આરોપી મેહુલકુમાર S/O બાબુભાઈ જાદવનાનો મારામારી ના ગુન્હામાં નરોડા પોલીસ સ્ટેશન ખાતે અગાઉ પકડાયેલ છે.

## ઝોન-૨ સ્કોડ :

# અમદાવાદ શહેર,વડોદરા,નડીયાદ વિસ્તારમાંથી વાહન ચોરી કરતા ઇસમને ચોરીના કુલ કિં.રૂ.૧,૧૦,૦૦૦/-ની મત્તાના વાહનો સાથે પકડી ચોરીના કુલ-૧૦ ગુના શોધી પાડતો ઝોન-૦૨ સ્કોડ

મ્હે,પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તેમજ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૧ શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ શ્રી ધર્મેન્દ્ર શર્મા સાહેબશ્રીની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા તેમજ શોધવા સારૂ ઝોન-૨ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.જે.ચાવડા તેમજ સ્ટાફના માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન હેડ.કોન્સ સુભાષ મોતીરામ બ.નં-૩૩૩૯ તથા લોકરક્ષક સિધ્ધરાજસિંહ બળવંતસિંહ ૧૧૬૭૭ નાઓને મળેલ સંયુક્ત ખાનગી બાતમી હકિકત આધારે આરોપી હિતેષ કુટરમલ છોગમલ જૈન ઉ.વ-૪૩ રહે-ઘ.નં-૨/૯ કિરણ એપાર્ટમેન્ટ,શાહીબાગ પોલીસ ચોકીની બાજુમાં શાહીબાગ અમદાવાદ શહેર મુળ વતન ગામ-બાગરા તા-જિ-ઝાલોર રાજસ્થાન વાળાને કુલ્લે કિં.રૂ.૦૧,૧૦,૦૦૦/-ના વાહન મુદ્દામાલ સાથે પકડી પાડી નીચે મુજબના ગુનાઓ શોધી કાઢેલ છે.આરોપી અગાઉ વાડજ,વસ્ત્રાપુર,સોલા,શાહીબાગ,ક્રાઇમ બ્રાંચ, કલોલ,અડાલજ,નડીયાદ,મણીનગર ગુજરાત યુનિવર્સીટી,સાબરમતી મળી કુલ-૨૦ ગુનામાં પકડાયેલ છે.તેમજ પાસા પણ કાપી ચુકેલ છે.

(૧) નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૨૦૪૦૪૬૨૦૦૦૭૬/૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯

(૨) ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૧૦૧૭૨૦૦૦૩૯/૨૦ ધી ઇપીકો ૩૭૯

(૩) વડોદરા ફતેગંજ પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૬૦૧૨૨૦૦૦૫૮/૨૦૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯

(૪) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૧૦૪૫૨૦૦૦૬૩/૨૦૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯

(૫) વાસણા પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૧૦૬૬૨૦૦૦૪૦/૨૦૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯ મુજબ

(૬) મણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૧૦૩૨૨૦૦૦૧૯/૨૦૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯

(૭) નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.નં-૧૧૧૯૧૦૩૫૨૦૦૦૭૭/૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯ મુજબ

(૮) નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૧૦૩૫૨૦૦૦૯૩/૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯ મુજબ

(૯) માધવપુરા પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૧૦૧૦૨૦૦૦૦૮/૨૦૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯

(૧૦) માધવપુરા પોલીસ સ્ટેશન ફ.ગુ.નં-૧૧૧૯૧૦૧૦૨૦૦૧૩૨/૨૦૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯



# <u>પાસા હેઠળ અટકાયતની વિગત</u>

## ઓઢવ પોલીસ સ્ટેશન :

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી ઇ.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી મોથલીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી “આઈ” ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ “નંદાબેન ઘનશ્યામભાઇ દાનાભાઇ જાની, ઉ.વ.પર રહે: સી/૨૪, બેલાપાર્ક સોસાયટી, મહાલક્ષ્મી બેકરી પાસે, અંબિકાનગર, ઓઢવ, અમદાવાદ શહેર” નાનો “જાહેરવ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી બેન વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયતી નંદાબેન ઘનશ્યામભાઇ દાનાભાઇ જાની નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/142/20 તા.04/02/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં-૩૧૫ તથા પો.કો પંકજભાઇ નારાયણભાઇ બ.નં.૧૦૧૯૦ તથા લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ બ.નં-૧૫૩૦ તથા વુ.પો.કો માયાબેન રમેશભાઇ બ.નં-૩૫૧૩ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ ગુરૂદ્વારા ચાર રસ્તા પાસેથી <u>વુ.પો.કો માયાબેન રમેશભાઇ</u> નાઓની બાતમી હકિકત આધારે સદરી બેનને આજરોજ તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી સુરત મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતી બેનને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## ગુના નિવારણ શાખા:

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૫.૨.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી/મિલક્ત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના સાગરિતો સાથે મળી લોકોની જાહેર રોડ ઉપર પાર્ક કરેલ કારોની ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરી લઈ જઈ આ ચોરી કરેલ કારોને પોતાના સાગરિતોને વેચી અને સાગરિતોએ આ કાર ચોરીની હોવાનુ જાણવા છતા કારો વેચાણ રાખી લઈ આ કારો ભંગારમા ક્રેશ કરી તેમજ પોતાના કબ્જામા રાખી લઈ એકબીજાની મેળાપીપણામા આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થિક

નુકશાન  કરી આવી ગુનાહિત અસામાજીક પ્રવ્રતિ જાહેર વ્યવસ્થાની જાળવણીમા બાધારુપ ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો નામે  નામે (૧) અરવિંદભાઈ દુલાભાઈ માણીયા (પટેલ) રહેવાસી- ૪૦૫ રાધે ઉપવન રજોડા રોડ, બાવળા તા.બાવળા જી.અમદાવાદ મુળ વતન ગામ- ઢાક્ણકુડા તા. શિહોર જી.ભાવનગર (૨) તાહેર અનવરહુસેન ત્રિવેદી રહેવાસી- બેડીપરા બુરહાની પાર્ક શિતળામાતાના મંદિર પાસે રાજકોટ  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત  તથા વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અરવિંદભાઈ દુલાભાઈ માણીયા (પટેલ) રહેવાસી- ૪૦૫ રાધે ઉપવન રજોડા રોડ, બાવળા તા.બાવળા જી.અમદાવાદ મુળ વતન ગામ- ઢાક્ણકુડા તા. શિહોર જી.ભાવનગર |
|  | તાહેર અનવરહુસેન ત્રિવેદી રહેવાસી- બેડીપરા બુરહાની પાર્ક શિતળામાતાના મંદિર પાસે રાજકોટ |

અમદાવાદ શહેરના ખોખરા તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીનાઘરના મુખ્ય દરવાજાનુ તાળુ તોડી ઘરમા રાખેલ લાકડાની તિજોરીના અંદરના ખાના તોડી તેમા રાખેલ સોનાના દાગીના રોક્ડા નાણા તથા અન્ય ચીજ વસ્તુઓની ચોરી કરી લઈ જનાર તથા ફરીયાદીના હાથમાથી મો.ફોન ઝુંટવી ચોરી કરી લઈ જઈ એકબીજાની મેળાપીપણામા આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન  કરનાર ગુનાહિત માન ધરાવનાર ઈસમ નામે દિપકભાઈ ઉર્ફે વિક્કી પ્રકાશભાઈ સોનવણે રહેવાસી- સુર્યનગર અંબિકારોડ ઉપર અમરાઈવાડી અમદાવાદ શહેર તથા ઓ/૪૯/૩૦૨ જોગમાયા ચાર માળીયા અમરાઈવાડી અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | દિપકભાઈ ઉર્ફે વિક્કી પ્રકાશભાઈ સોનવણે રહેવાસી- સુર્યનગર અંબિકારોડ ઉપર અમરાઈવાડી અમદાવાદ શહેર તથા ઓ/૪૯/૩૦૨ જોગમાયા ચાર માળીયા અમરાઈવાડી અમદાવાદ શહેર |

આ ઉપરાંત પ્રોહીબીશન તથા શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમ મળી કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને ભુજ  તથા વડોદરા  જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.